# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે ખેડૂત તાલીમ યોજાઇ

કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી અને ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડના સંયુક્ત ઉપક્રમે ફાર્મ ટેકનૉલોજિ ટ્રેનીંગ સેન્ટર, નેનપુર ખાતે ડૉ. કે. બી. કથીરિયા, માનનીય કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ તા. ૨૫/૦૨/૨૦૨૫ ના રોજ ખેડૂત તાલીમ યોજાઇ. જેમાં ખેડા જીલ્લાના વિવિધ ગામોમાંથી ૩૦ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

કાર્યક્રમમાં ડૉ. એમ. બી. ઝાલા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે આમંત્રિત મહેમાનો તથા પધારેલ ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તથા કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન, બીજ ઉત્પાદન, વિસ્તરણ તથા દિવેલાની નવીન જાતો અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં ભલામણ કરવામાં આવેલ વિવિધ પાકોની જાતો અને સુક્ષ્મ પિયત પધ્ધતિ થકી પાક પોષણ વ્યવસ્થાપન અને રોગ-જીવાત વ્યવસ્થાપન વિષે ખેડૂતોને માહિતી આપી હતી. ડૉ. બી. એન. ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે વિગતવાર પ્રાયોગિક નિદર્શન થકી માહિતગાર કરવામાં આવેલ. શ્રી. મિતેષભાઇ પટેલ, સ્ટેટ એગ્રોનોમિસ્ટ, રિવ્યુલિસ કંપની દ્વારા ખેડૂતોને સુક્ષ્મ પિયત પધ્ધતિનો કાર્યક્ષમ ઉપયોગ તથા મુખ્ય પાકોમાં ઇરીગેશન અને ફર્ટીગેશન સિડ્યુલ વિશે વિષે વિસ્તૃત ચિતાર આપેલ તથા શ્રી. સાગરભાઇ રાઠવા દ્વારા ખેડૂતોને "પર ડ્રોપ મોર ક્રોપ-માઇક્રો ઇરિગેશન" યોજનાની માહિતી, અરજી કરવાની અને કરતા પહેલા ધ્યાનમાં રાખવાના પગલા વિશે વિસ્તૃત માહિતી આપેલ. તાલીમમાં ભાગ લેનાર ખેડૂતોને મ્યુઝિયમ અને કેન્દ્રની ક્ષેત્રીય મુલાકાત કરાવી કેન્દ્ર ખાતે ચાલતા વિવિધ પાકોના સંશોધન વિશે અવગત કરવામાં આવેલ.











